©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 01st MAY, 2026/VAISHAKHA 11, 1948 [Issue No. 23

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

નં. જે/એમએજી/ટાપુ/જા.નામુ./૨૩૦૩/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના તા. ૨૩-૦૩-૨૦૨૬ ના પત્રથી મોરબી જિલ્લામાં આવેલ દરીયાઈ ટાપુઓને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી ટાપુઓ ઉપર પ્રવેશ નિયંત્રીત કરતું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

મોરબી જિલ્લાના નવલખી બંદર વિસ્તાર તથા કોસ્ટલ વિસ્તારમાં નાના-મોટા કુલ આઠ ટાપુઓ આવેલ છે. જે ટાપુઓ ઉપર માનવ વસાહત અસ્તિત્વમાં ન હોય, આ ટાપુઓમાં કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ કે ઘુષણખોરી ન થાય તેમજ સુરક્ષાને લગત કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે સારૂ હુકમ બહાર પાડવું યોગ્ય જણાય છે.

સબબ હું, **કે. બી. ઝવેરી(I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ મોરબી જિલ્લાના નવલખી બંદર વિસ્તાર તથા કોસ્ટલ વિસ્તારમાં આવેલ નીચેની વિગતેના ટાપુઓ ઉપર કોઈપણ પ્રકારની ગેરકાયેદસરની પ્રવૃતિ કરવી નહી કે ઘુષણખોરી કરવી નહી, તેમજ સુરક્ષાને લગત કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી. તેમજ આ ટાપુઓ ઉપર કોઈ વ્યકિતએ પ્રવેશવું નહીં તથા બોટને લાંધવાની પ્રવૃતિ કરવી નહીં.

ક્રમ	ટાપુનું નામ	પોલીસ સ્ટેશનનું નામ	અંતર
૧.	મામલીયા ટાપુ	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૩.૦ નોટીકલ માઈલ્સ
૨.	મુર્ગા ટાપુ	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૧.૩ નોટીકલ માઈલ્સ
૩.	અનનેમ ટાપુ-૧	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૬.૧ નોટીકલ માઈલ્સ
૪.	અનનેમ ટાપુ-૨	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૫.૮ નોટીકલ માઈલ્સ
૫.	અનનેમ ટાપુ-૩	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૬.૧ નોટીકલ માઈલ્સ
૬.	અનનેમ ટાપુ-૪	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૫.૩ નોટીકલ માઈલ્સ
૭.	અનનેમ ટાપુ-૫	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૪.૮ નોટીકલ માઈલ્સ
૮.	અનનેમ ટાપુ-૬	માળીયા મીંયાણા પોલીસ સ્ટેશન	૫.૧ નોટીકલ માઈલ્સ

❖ **અપવાદ :**

(૧) કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારશ્રીના સુરક્ષા દળોના અધિકૃત અધિકારી/કર્મચારીશ્રીઓ.

(૨) ફોરેસ્ટ વિભાગના અધિકૃત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.

(૩) મહેસુલ વિભાગ તથા લેન્ડ રેકર્ડસના અધિકૃત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.

(૪) ફિશરીઝ વિભાગના અધિકૃત અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ.

❖ **શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

❖ **અમલવારી :**

આ હુકમ તા. ૨૭-૦૩-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૨૪, માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

મોરબી, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/PATHIK/જા.નામુ./૨૩૦૩(૧)/૨૦૨૬.-''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel Informatics) સોફ્ટવેરની કામગીરી હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકની માહિતી માટે હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનું સીકયોર વેબ પોર્ટલ બનાવવામાં આવેલ છે. કાઈમ બ્રાન્ચના સોફ્ટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ કાઈમ બ્રાન્ચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફ્ટવેર કોઈ પણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ, યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે.

પથિક સોફ્ટવેરથી પોલીસને જિલ્લાની તમામ હોટલો પર રૂબરૂ ચેકીંગ કરવા જવુ પડતુ નથી. પરંતુ એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી ટેકનોલોજીની મદદથી સમય મર્યાદામાં કોઈપણ ગુનો બનતો અટકાવી શકાય છે અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપુર્ણ કડી સાબીત થઈ છે.

મોરબી જિલ્લા ખાતે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગથી કોલસા તથા મીઠાની આયાત તથા નિકાસ થતી હોય તેમજ મોરબી જિલ્લો ઔદ્યોગિક દ્રષ્ટિએ ખુબ જ મહત્વનો હોય જેમાં દેશ-વિદેશોથી મોટા પ્રમાણમાં સીરામીક ટાઈલ્સ ખરીદી માટે વેપારીઓ તથા ટુરીસ્ટો આવતા જતા હોય તેમજ લઘુ ઔદ્યોગીકમાં પણ મોરબી શહેર મોખરે છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફ્ટવેરની અમલવારી માટે પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના પત્ર ક્રમાંક : એસ.ઓ.જી./૧૨૨/૨૦૨૬, તા. ૨૩-૦૩-૨૦૨૬ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

ઉકત દરખાસ્તની ચકાસણી કરતા હાલના સાંપ્રત સમયમાં બનતા ગુન્હા/આંતકવાદી ઘટનાઓને અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધવા માટે સમગ્ર રાજ્યની પોલીસ સંકલનમાં રહી ખુબ જ ઓછા સમયમાં પરિણામલક્ષી કામગીરી કરી શકે, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જાળવવાના હેતુસર તથા અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે માટે ''પથિક'' સોફ્ટવેરની અમલવારી કરાવવા પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

આથી હું, **કે. બી. ઝવેરી(I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લો, મોરબી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળલે સત્તાની રૂએ મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની બાબતોનો ચુસ્ત અમલ કરવા હુકમ કરુ છું.

(૧) મોરબી જિલ્લાની તમામ હોટલો/ગેસ્ટ હાઉસ ખાતે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ ''પથિક'' સોફ્ટવેરમાં હોટલના માલિક/સંચાલકે અવશ્ય કરવી/નોંધવી/અપલોટ કરવી.

(૨) આ હુકમ પ્રસિધ્ધ થયે સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, મોરબીની કચેરી, શોભેશ્વર રોડ, જિલ્લા સેવા સદનની બાજુમાં, એ-વીંગ, ત્રીજો માળ, રૂમ નં. ૨૦૬, એસ.ઓ.જી. શાખા ખાતેથી હોટલ સંચાલક/માલિકે હોટલની વિગતો રજુ કરી યુઝરે આઈડી-પાસવર્ડ સત્વરે મેળવી લેવાના રહેશે.

અમલનો સમયગાળો :

આ હુકમ તા. ૨૫-૦૩-૨૦૨૬ થી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા ફરજ પરના પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધિત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે.

આજ તા. ૨૪, માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામુ

નં. જે/એમએજી-૨/સ્પા પાર્લર/જાહેરનામું/૩૦૯૪૬૭/૨૦૨૬.-મોરબી જિલ્લામાં રહેણાક વિસ્તાર તથા ઔધોગિક વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહ વ્યપારની શકયતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામજિક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહીત કૃત્યો કરી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા હોવાથી જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના તા. ૨૧-૦૩-૨૦૨૬ ના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, મોરબી જિલ્લામાં સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં હોવી જરૂરી હોય હું, **કે. બી. ઝવેરી (I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી** અમોને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ મોરબી જિલ્લા વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો તેમજ આવા સ્પા/મસાજ પાર્લરોના સંચાલકોએ તેમા કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટો ગ્રાફસ તથા રેકોર્ડીંગ સુવિધા સાથે સી.સી.ટી.વી. એન્ટ્રી, રિસેપ્શન તથા કોમન એરીયામાં ફરજિયાત રાખવાનું રહેશે. તેમજ ત્રણ મહિના સુધીના સી.સી.ટી.વી. રેકોર્ડીંગની સંપૂર્ણ માહિતી સાથે સાચવી રાખવાનું રહેશે અને સંબંધિત પોલીસ સ્ટેશને જરૂર પડયે માહિતી આપવાની રહેશે. આ અંગે જે-તે પોલીસ સ્ટેશનના પોલીસ ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

અ. નં.	વિગત	રીમાર્કસ
૧	સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, માલીક/સંચાલકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	
૨	સ્પા/મસાજ પાર્લરોમાં કામ કરતા તમામ કર્મચારીઓની સંપૂર્ણ વિગત (ફોટા સહિતની)	
	(૧) જો તેઓ ભારતીય હોય તો તેઓના આવાસના પુરાવા જોડવા	
	હાલનું સરનામું	
	મુળ વતનનું સરનામું	
	ફોન નંબર (ઘર) ઓફીસ મો. નં.	
	(૨) જો તેઓ વિદેશી હોય તો ● પાસપોર્ટની વિગત (પાસ પોર્ટ/વિઝાની નકલ બીડવાની રહેશે.) ● કયા વિઝા પર ભારતમાં આવેલ છે તેની વિગત :	
	હાલનું સરનામું	
	ફોન નંબર (ઘર) ઓફીસ મો. નં.	

સ્પા/મસાજ પાર્લર ચલાવનાર/સંચાલકનો પાસપોર્ટ સાઈજનો ફોટો	કામ કરતા કર્મચારીઓનો પાસપોર્ટ સાઈઝનો ફોટો સાક્ષીની સહી તથા સંપૂર્ણ વિગત	પોલીસ સ્ટેશનના સહી સિક્કા અને તારીખ
સહી : સ્પા/મસાજ પાર્લર ચલાવનાર/સંચાલકની	સહી : કામ કરતા કર્મચારીની સહી	
સાક્ષીની સહી તથા સંપૂર્ણ વિગત		

૩	**નિયમો :**	
	(૧) આ વિગત કોરા કાગળ પર લખાવવાની રહેશે.	
	(૨) આ વિગત સંપૂર્ણ રીતે ભરીને સ્પા/મસાજ પાર્લર જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત પો. સ્ટે. માં જમા કરાવવાની રહેશે.	
	(૩) આ વિગત સંપૂર્ણ ભર્યા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બન્ને નકલ જેતે પો. સ્ટે.માં આપવાની રહેશે. જેની એક નકલ રીસીવ સહિ સિકકા કરી પરત આપશે જે સાંચવી રાખવાની રહેશે.	
	(૪) સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેનું ડ્રાઈવીંગ લાયસન્સ પાનકાર્ડ/આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ રજુ કરવાનું રહેશે.	

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૧-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૩૧ માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

નં. જે/એમએજી/જાહેર સ્થળ/નો ડ્રોન ઝોન/જા.નામુ/૨૫૦૩(૩)/૨૦૨૬.-પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી. શાખા, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મોરબીના પત્ર જા. નં. એલ.આઈ.બી./ડ્રોન જા.નામું./૨૪૮/૨૦૨૬, તા. ૨૧-૦૪-૨૦૨૬ થી જણાવ્યા મુજબ અત્રેના જિલ્લામાં આવેલ કુલ-૧૦૬ પ્રતિબંધિત વિસ્તારોની સુરક્ષા જાળવણી જરૂરી છે. જેથી અત્રેના જિલ્લામાં આવેલ કુલ-૧૦૬ પ્રતિબંધિત વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ ડ્રોન નહી ઉડાડવા ''નો ડ્રોન ઝોન'' જાહેર કરવા ડ્રોન બાબતને લગતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી. શાખા, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મોરબી તરફથી રજુ થયેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણા કરી, જિલ્લાની સુરક્ષા માટે ઉપરોકત બાબતેનું જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

સબબ, હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લો** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર મોરબી જિલ્લાના વિસ્તારના નીચે મુજબની વિગતેના-૧૦૬ પ્રતિબંધિત વિસ્તારોમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ડ્રોન કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મિસાઈલ કે પેરાગ્લાઈડર રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એરક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવું છું.

Unit Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
1	2	3	4	5
1	Navalakhi Port	Navalakhi Ta.Maliya Dist. Morbi	Red	2 km distance from perimeter
2	IOC Pipeline	Anandpar, Tankara To Rupavati Ta.Wankaner	Yellow	100 mtr area from both side along the length and ends
3	Machhu Dam-2	Jodhpar Ta.MorbiDist. Morbi	Yellow	2 km distance from perimeter
4	Crain India Private Limited Company	Vachhakpar, Tankara Ta Pratapgadha Ta. Wankaner	Yellow	100 mtr distance from perimeter area along the both side
5	Bharat Oman Refinery Pipeline	Jodhpar, Tankara To Kashipar Ta.Wankaner	Yellow	100 mtr along the length and ends
6	Machhu Dam-1	Jalsika Ta.WankanerDist. Morbi	Yellow	2 km distance from perimeter
7	Gail (India) Pvt. Ltd. Gas Pipeline	Kuntashi, Maliya To Haripar Ta. Maliya	Yellow	100 mtr area from both side along the length and ends
8	Indian Oil Corp Pvt. Ltd. (I.O.C.L.) Oil Pipeline	Jalida, Wankaner To Bhalgam Ta.Wankaner	Yellow	100 mtr area from both side along the length and ends
9	Gujarat State Petronet (G.S.P.L.) Limited Gas Pipeline	Trajpar, Morbi Dist.Morbi	Yellow	100 mtr area from both side along the length and ends
10	District Court Morbi	Lalbag, Morbi	Yellow	100 mtr distance from perimeter
11	SBI Currency Chest Branch	C.P.I. Chowk, Parabazar Morbi	Yellow	100 mtr distance from perimeter
12	Collector Office	Shobhesawar Road, Morbi	Yellow	100 mtr distance from perimeter
13	S. P. Office	Shobhesawar Road, Morbi	Yellow	100 mtr distance from perimeter
14	Police Head Quarter	Police Head Quarter, Morbi	Yellow	100 mtr distance from perimeter
15	Telephone Exchange	Sadbhavana Hospital, Morbi	Yellow	100 mtr distance from perimeter
16	Mayur Bridge	Mayur Bridge, Morbi	Yellow	50 mtr distance from both the sides and ends
17	Bus Station	Sanala Road, Morbi	Yellow	100 mtr distance from perimeter
18	Railway Station Wankaner	Wankaner, Morbi	Yellow	50 mtr distance from perimeter
19	Civil Hospital	Gandhi Chowk, Morbi	Yellow	100 mtr distance from perimeter

Unit Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
20	Sub Jail, Morbi	Jail Road, Morbi	Red	250 mtr distance from perimeter
21	Mamliya Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
22	Murga Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
23	Un Named Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
24	Un Named Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
25	Un Named Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
26	Un Named Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
27	Un Named Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
28	Un Named Island	Navlakhi Sea Area	Red	2 km distance from perimeter
29	Navlakhi Poart Fishing Point	Navlakhi Port, Morbi	Yellow	100 mtr distance from perimeter
30	Juna Anjiyasar Fishing Point	Juna Anjiyasar, Morbi	Yellow	100 mtr distance from perimeter
31	66 KV-Vijepar	Onside At Panchar Chokdi	Red	100 mtr distance from perimeter
32	66 KV-Mahendranagar	Pipli Jetpar Road Mahendra Nagar Chokdi Morbi-2	Red	100 mtr distance from perimeter
33	66 KV-Morbi	Near Natraj Hotel Morbi-2	Red	100 mtr distance from perimeter
34	132 KV-Lalpar	Lalpar 8-A National Highway	Red	100 mtr distance from perimeter
35	66 KV-Lilapar	Lilapar Morbi Taluka	Red	100 mtr distance from perimeter
36	66 KV-Pipliya	Pipliya Morbi Taluka	Red	100 mtr distance from perimeter
37	66 KV-Khared	Khared Morbi Taluka	Red	100 mtr distance from perimeter
38	66 KV-Chachapar	Chachapar Morbi Taluka	Red	100 mtr distance from perimeter
39	66 KV-Lakhadirpur (Kalikanagar)	Lakhadirpur (Kalikanagar) Morbi Taluka	Red	100 mtr distance from perimeter
40	66 KV-Jodhapar Nadi	Jodhapar Nadi Morbi Taluka	Red	100 mtr distance from perimeter
41	66 KV-Zambudiya	Zambudiya Morbi Taluka	Red	100 mtr distance from perimeter
42	66 KV-Mansar	Mansar Morbi Taluka	Red	100 mtr distance from perimeter
43	66 KV-Amreli	Amreli Morbi Taluka	Red	100 mtr distance from perimeter
44	66 KV-Paneli	Paneli Morbi Taluka	Red	100 mtr distance from perimeter
45	66 KV-Vaghapar	Vaghapar Morbi Taluka	Red	100 mtr distance from perimeter
46	66 KV-Baghathala	Baghathala MorbiTaluka	Red	100 mtr distance from perimeter
47	66 KV-Rajpar	Rajpar Morbi Taluka	Red	100 mtr distance from perimeter
48	66 KV-Rangpar	Rangpar Morbi Taluka	Red	100 mtr distance from perimeter
49	66 KV-Lalpar Rafalesavar	LalparRafalesavarMorbi Taluka	Red	100 mtr distance from perimeter
50	66 KV-Bhojapara	Bhojpara Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
51	132 KV-Vaghasiya	Vaghasiya Ta.Wankaner	Red	100 mtr distance from perimeter
52	132 KV-Hasanpar	Hasanpar, Saradharaka Road Ta.Wankaner	Red	100 mtr distance from perimeter
53	66 KV-Limbada (Lalpar)	Limbada, Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
54	66 KV-Mahika	Mahika Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
55	66 KV-Dhuva	Dhuva Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
56	66 KV-Jadeshwar	Jadeshwar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
57	66 KV-Lunsar	Lunsar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
58	66 KV-Thikriyala (Bhalgam)	Thikriyala (Bhalgam) Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
59	66 KV-Sindhavadar	Sindhavadar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
60	66 KV-Daldi	Daldi Ta. Wankaner	Red	100 mtr distance from perimeter

Unit Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
61	66 KV-Lakkaddhar	Lakkaddhar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
62	66 KV-Pipaliyaraj (Panch-Dwarka)	Pipaliyaraj (Panch-Dwarka) Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
63	66 KV-Sartanpar	Sartanpar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
64	66 KV-Satapar	Satapar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
65	66 KV-Kankot	Kankot Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
66	66 KV-Jalida (Kothi)	Jalida (Kothi) Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
67	66 KV-Lakkaddhar-2	Lakkaddhar-2 Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
68	66 KV-Ratavirada-II	Ratavirda-II Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
69	66 KV-Matel	Matel Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
70	66 KV-Ratavirda	Ratavirda Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
71	66 KV-Rangpar-II	Rangpar Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
72	66 KV-Rangpar-II	Rangpar-II Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
73	66 KV-Panchasiya	Panchasiya Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
74	66 KV-Dhuva (Makansar)	Dhuva (Makansar) Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
75	66 KV-Vaghagadha	Vaghagadha Ta. Tankara	Red	100 mtr distance from perimeter
76	66 KV-Saraya	Saraygam Ta. Tankara	Red	100 mtr distance from perimeter
77	66 KV-Juna Hadmatiya	Juna Hadmatiya Road Ta. Tankara	Red	100 mtr distance from perimeter
78	66 KV-Bangavadi (Otala)	Bangavadi (Otala) Ta. Tankara	Red	100 mtr distance from perimeter
79	66 KV-Mitana	Mitana Ta. Tankara	Red	100 mtr distance from perimeter
80	66 KV-Bhootkotada	Bhootkotada Ta. Tankara	Red	100 mtr distance from perimeter
81	66 KV-Lajai	Lajai Ta. Tankara	Red	100 mtr distance from perimeter
82	66 KV-Necknam	Necknam Ta. Tankara	Red	100 mtr distance from perimeter
83	66 KV-Mota Dahisar	Mota Dahisara Ta. Maliya Miyana	Red	100 mtr distance from perimeter
84	66 KV-Vejalpar	Vejalpar Ta. Maliya Miyana	Red	100 mtr distance from perimeter
85	66 KV-Khakharechi	Khakharechi Ta. Maliya Miyana	Red	100 mtr distance from perimeter
86	400 K.V. Mansar Halvad	Near Mansard Village Ta.Halvad	Red	100 mtr distance from perimeter
87	66 KV-Chupani	Chupani Ta. Halvad	Red	100 mtr distance from perimeter
88	Nagar Darwaja Market	Nehru Gate, Morbi	Yellow	100 mtr distance from perimeter
89	66 K.V. Juni Khiraji	Juni Khirai, Ta. Maliya Miyana	Red	100 mtr distance from perimeter
90	66 K. V. Lionsnagar, Sakat Sanala	Lionsnagar, Main Road, Sakat Sanala	Red	100 mtr distance from perimeter
91	Railway Station, Morbi	Railway Station, Morbi	Red	100 mtr distance from perimeter
92	66 K. V. Amarsar	Amarsar, Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
93	66 K. V. Panchasar	Panchasar, Ta. Wanakaner	Red	100 mtr distance from perimeter
94	220 K. V. Charadva, Halvad	Chardva, Morbi Road, Halvad	Red	100 mtr distance from perimeter
95	220 K. V. Halvad, GIDC Halvad	Near Halvad, GIDC Ta. Halvad	Red	100 mtr distance from perimeter
96	Brahmani Dam-2 (Shaktisagar Dam)	Near Susvav Village, Ta. Halvad	Yellow	100 mtr distance from perimeter
97	Brahmani Dam-1 (Harpalsagar Dam)	Near Golasan Village, Ta. Halvad	Yellow	100 mtr distance from perimeter

Unit Sr. No.	Name of Place	Full Postal Address	Recommended Zone (Red/Yellow)	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov. 2018
98	IOC Pipeline Ranmalpur RCP Station	Near Ranmalpur Village, Survey No. 886 P11/P5, Ta. Halvad	Yellow	100 mtr distance from perimeter
99	Demi-1, Mitana	Mitana, Ta. Tankara	Yellow	100 mtr distance from perimeter
100	Demi-2, Nasitpar	Nasitpar, Ta. Tankara	Yellow	100 mtr distance from perimeter
101	Bangavadi Dam	Bangavadi, Ta. Tankara	Yellow	100 mtr distance from perimeter
102	Gujarat State Petronet Limited Gas Pipeline	Jail Road, Ta. Wanakaner	Yellow	100 mtr distance from perimeter
103	220 K. V. Sartanpar	Sartanpar, Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
104	220 K. V. Ghiyavad	Ghiyavad, Ta. Wankaner	Red	100 mtr distance from perimeter
105	ONGC Gas Pipline	1. Chitrakhada 2. Palasadi 3. Pratapgadh	Yellow	100 mtr distance from perimeter
106	Bhart-Oman Refinariy Ro Matirayal	1. Sindhavadar	Yellow	100 mtr distance from perimeter

અમલ :

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૧-૦૫-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

મુક્તિ :

સરકારી કામ સબબ વહીવટી તંત્ર/અન્ય સરકારી વિભાગો/પોલીસ વિભાગ/કેન્દ્ર અને રાજ્યના અન્ય સુરક્ષા દળોને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવે છે. પરંતુ વ્યક્તિ/સંસ્થાને આવશ્યક કારણોસર Drone/UAV નો ઉપયોગ કરવાની જરૂરીયાત જણાય તો સરકારશ્રીના Directorate General of Civil Avition ના ઓનલાઈન પ્લેટફોર્મ પરની Digital Sky Platform પર નિયમોનુસર જરૂરી વિગતો સાથે અરજી કરી The Drone Rules-2021 ની જોગવાઈ મુજબ પોલીસ અધિક્ષકશ્રી, મોરબીની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોંટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. તેમજ આ હુકમના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૧, માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

મોરબી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૨૬.

શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) હેઠળનો

હુકમ

નં. જે/એમએજી-૨/સ્થા.સ્વ.ચૂં-૨૬/૧૫/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થા દ્વારા ચૂંટણી સબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો અભિગમ રહેલો છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાય છે. ચૂંટણી સંબંધિ કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુક્ત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ રહે નહી. વધુમાં મતદાનની પ્રક્રિયા તેમજ મત ગણતરીની પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુરે

કરી શકાય તે માટે પરવાનાવાળા હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા લેવાનું વ્યાજબી અને યોગ્ય જણાય હોઈ, સચિવશ્રી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો હોય અને અત્રેની રચાયેલ જિલ્લા સ્ક્રિનીંગ કમિટીની તા. ૦૬-૦૪-૨૦૨૬ ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો.

તેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી** શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) થી મળેલ સતાની રૂએ આથી ફરમાવુ છું કે,

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી આપવામાં આવેલ હોય, તેવા તમામ પરવાનેદારશ્રીઓને પરવાના તળેના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા બાબતે વ્યક્તિગત રીતે અત્રેની કચેરીના તા. ૦૬-૦૪-૨૦૨૬થી નોટીસ આપવામાં આવેલ હોય તેવા, ભારત દેશના કોઈપણ રાજ્યના લાયસન્સ આપનાર સતાધિકારીશ્રી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેવા, તમામ આત્મરક્ષણના/પાકરક્ષણના પરવાનેદારો (નીચે જણાવેલ અપવાદ સિવાયના)એ તેમના પરવાને તળેના હથિયાર તા. ૧૫-૦૪-૨૦૨૬ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવીને તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે.

અપવાદ :

૧. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. તમામ મેજીસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલવે, સંરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓના હથિયારોને જમા કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

૩. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત)ના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તેમને તેમના પરવાના વાળા હથિયારોને જમા કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

૪. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

૫. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમના હથિયાર જમા કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

૬. હથિયાર જમા કરાવવા બાબતે અત્રેની કચેરીથી રચાયેલ સ્ક્રિનીંગ કમિટી દ્વારા મુક્તિ મળેલ હોય તેને લાગુ પડશે નહી.

વધુમાં આથી આદેશ કરૂં છું કે, ઉપરોક્ત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૩૦-૦૪-૨૦૨૬ પછી દિન-૭ માં સંબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પરત મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ મુજબ સજાને પાત્ર થશે. જેની સર્વેએ નોંધ લેવી.

આ જાહેરનામા અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૭, માહે : એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાલ પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં-૨૬/૧૪/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારના ટેકેદારો તરફથી ઈલેકટ્રોનીક મીડીયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલ રૂમથી તથા ટીવી ચેનલના રાજય, આંતરરાજય કે આંતરરાષ્ટ્રીય તેમજ AM અને FM રેડીયો નેટવર્ક, સિનેમાગૃહો વગેરેથી કરવામાં આવે છે. ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તેમજ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલ આદર્શ આચાર સંહિતાની અમલવારી સુનિશ્ચિત કરી શકાય, ચૂંટણી પ્રચાર સમયગાળા દરમિયાન હરીફ ઉમેદવારો, રાજકીય પક્ષો, સામાન્ય નાગરીકો તરફથી આચાર સંહિતાનો ભંગ થયાની ફરીયાદો મળતી રહે છે. આવી ફરીયાદોમાં તથ્ય છે કે કેમ? તે ચકાસી શકાય તથા આદર્શ આચાર સંહિતા કે અત્રેથી બહાર પાડવામાં આવેલ કલમ-૧૬૩ હેઠળના જાહેરનામાનો ભંગ થયેલ છે કે કેમ? તે ચકાસી જો ભંગ થયાનું જણાય તો તાકીદના ધોરણે સબંધિતો સામે યોગ્ય પગલા લઈ શકાય તે માટે નીચે જણાવેલ વિગતે આદેશ કરવો જરૂરી જણાય છે.

સબબ, હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, સ્થાનિક કેબલ ટીવી નેટવર્ક, ટીવી ચેનલ, સિનેમાગૃહો, AM તથા FM રેડીયો, દુરદર્શન કેન્દ્ર, આકાશવાણી કેન્દ્ર, વિવિધ ભારતી પ્રસારણ વગેરે દ્વારા ઈલેકટ્રોનીક પ્રસાર માધ્યમ તરીકે તેઓ તરફથી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પુરી થતાં સુધીના સમયગાળા દરમિયાન પ્રત્યેક દિવસે સવારના ૦૬:૦૦ કલાકથી બીજા દિવસના સવારના ૦૬:૦૦ કલાક સુધીમાં કરવામાં આવેલ પ્રસારણની પ્રત્યેક સીડી બીજા દિવસે સવારના ૧૦:૩૦ કલાક સુધીમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૦૩-૧૦-૨૦૧૦ અને તા. ૧૮-૦૧-૨૦૧૧ ના રોજ બહાર પાડવામાં આવેલ આદેશ મુજબ જિલ્લા કક્ષાની કમીટીના સભ્યસચિવ અને નિવાસી અધિક કલેકટરશ્રી, મોરબીની કચેરી ખાતે રૂબરૂ પહોંચાડી, સીડી પહોચાડયા બદલ પહોંચ મેળવી રેકોર્ડમાં જાળવવી. જરૂરિયાતના પ્રસંગે ૨૪ કલાક પુરા થતાં પહેલા પણ કરવામાં આવેલ પ્રસારણની સીડી માંગવામાં આવે તો રજુ કરવી તેમજ આદર્શ આચાર સંહિતાની અમલવારી અર્થે નિયુકત નોડલ અધિકારીશ્રી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીએ પણ જરૂરિયાતના કિસ્સામાં તાકીદે કાર્યવાહી કરવી.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૭મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાલ પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં-૨૬/૧૩/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી દરમ્યાન પ્રચાર તથા જાહેરાતો રાજકીય પક્ષો, ઉમેદવારો, સંસ્થાઓ તરફથી તેમજ ઉમેદવારના ટેકેદારો તરફથી વર્તમાન પત્રીય જાહેરાતોથી, ઈલેકટ્રોનીક મીડીયા માધ્યમથી પ્રસારણ સ્થાનિક કંટ્રોલ રૂમથી તથા ટીવી ચેનલના રાજય, આંતરરાજય કે આંતરરાષ્ટ્રીય તેમજ AM અને FM રેડીયો નેટવર્કથી કરવામાં આવે છે. હાલમાં આ નેટવર્કના નિયંત્રણ માટે કેબલ ટેલીવિઝન (વિનિયમન) અધિનિયમ-૧૯૯૫ તથા કેબલ ટેલીવિઝન નેટવર્ક (વિનિયમો) નિયમો-૧૯૯૪ અમલમાં છે. જે મુજબ જાહેરાત નિયત કરેલ આચાર સંહિતાને અનુરૂપ હોય તે સિવાય કોઈપણ વ્યકિત કોઈ જાહેરાત પ્રસારીત કે પુનઃ પ્રસારીત કરી શકે નહીં. તેમજ જાહેરાતો કોઈ ધાર્મિક કે રાજકીય હેતુ પ્રત્યે દિશા નિર્દેશ કરતી હોવી જોઈએ નહીં તેવી જોગવાઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓ નિષ્પક્ષ, તટસ્થ, શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કોઈ પક્ષ કે સંસ્થા કે ઉમેદવારની તરફેણ કે વિરૂધ્ધમાં કે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૦૩-૧૦-૨૦૧૦ અને તા. ૧૮-૦૧-૨૦૧૧ ના રોજ બહાર પાડવામાં આવેલ આદેશ મુજબ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓ વિરૂધ્ધ અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અનુરૂપ ન હોય કે જોગવાઈઓને ભંગ કરી કે નૈતિકતા અને સુરૂચિના ધોરણોનો ભંગ કરતી કોઈપણ રાજકીય જાહેરાતનું પ્રસારણ કોઈ ટી.વી., રેડીઓ, ચેનલ કે કેબલ ઓપરેટર કરી શકશે નહીં. કોઈપણ ચૂંટણી વિષયક જાહેરાત ઈલેકટ્રોનીકના માધ્યમથી કરવામાં ન આવે તે માટે જિલ્લા કક્ષાએ તમામ પ્રકારની ટી.વી./રેડીયો પરની જાહેરાતો/ચેનલ કે કેબલ ઓપરેટર/જીંગલ્સ/ઈન્સર્શન્સ/બાઈટસ વગેરેની ચૂંટણી પ્રચાર માટેની મંજુરીઓ મેળવવા માટે જિલ્લા કક્ષાની કમિટીની રચના કરવામાં આવેલ છે. જે કમિટીમાં જરૂરી મંજુરી મેળવવાની રહેશે.

સબબ, ઉકત સુચનાઓની ચુસ્તપણે અમલવારી સુનિશ્ચિત કરવા અને ચૂંટણીના સરળ સંચાલન માટે નીચે મુજબ હુકમ કરવો ઈષ્ટ જણાય છે. જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

૧. ટેલીવિઝન ચેનલ, રેડીયો અને કેબલ નેટવર્ક તેમજ વર્તમાન પત્રીય જાહેરાત આપવા વિચારતા દરેક નોંધાયેલ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારે આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા ત્રણ દિવસ અગાઉ નિયત નમુના એનેક્ષર-(૧) પ્રમાણેની અરજી અત્રેની કચેરીએ કરવાની રહેશે.

૨. બીજી કોઈ વ્યકિત અથવા બિન નોંધાયેલ રાજકીય પક્ષો, સંસ્થા વગેરેએ આવી જાહેરાત ટેલીકાસ્ટના સુચિત આરંભની તારીખથી મોડામાં મોડા સાત દિવસ અગાઉ અરજી કરવાની રહેશે.

૩. અરજી સુચિત જાહેરાતની ત્રણ નકલોમાં ટ્રાન્સકીપ્ટ સાથે કરવાની રહેશે.

૪. આવી જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસ વગેરેનું સર્ટીફીકેશન મેળવવા માટેની અરજી જિલ્લા કક્ષાની કમીટીમાં અરજી કરવાની રહેશે. આ અરજીમાં નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવાનો થશે.

(એ) જાહેરાત નિર્માણનું ખર્ચ

(બી) ઈન્સર્શન્સની સંખ્યાના વિભાજન અને આવા દરેક ઈન્સર્શન્સ માટે વસુલ કરવામાં આવનાર સુચિત દર સાથે રેડીયો, ટેલીવિઝન ચેનલ અથવા કેબલ નેટવર્ક પર આવી જાહેરાતના સુચિત પ્રસારણનું અંદાજીત ખર્ચ.

(સી) મુકેલ જાહેરાત ઉમેદવાર કે ઉમેદવારો પક્ષોની ચૂંટણીની ભાવિ શકયતાના લાભ માટે છે કે કેમ? તે બાબત પણ જણાવવાની રહેશે.

(ડી) જાહેરાત રાજકીય પક્ષ અથવા ઉમેદવાર સિવાયની કોઈ વ્યકિતએ આપી હોય તો તે વ્યકિત સોગંદ પર જાહેર કરશે કે, તે કોઈ રાજકીય પક્ષ કે ઉમેદવારના લાભ માટે નથી. અને ઉકત જાહેરાત કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવારે પુરસ્કૃત કરી નથી કે સોંપણી કરી નથી કે તેની ચુકવણી કરી નથી.

(ઈ) બધી ચુકવણી એકાઉન્ટ પેઈ ચેકથી કરવામાં આવશે એવી કબુલાત.

૫. ટેલીકાસ્ટ માટે જાહેરાત, જીંગલસ, ઈન્સર્શન્સ, બાઈટસનું પ્રમાણપત્ર મેળવ્યા વિના જાહેરાત, જીંગલ્સ, ઈન્સર્શન્સ, બાઈટસનું પ્રસારણ થઈ શકશે નહીં.

૬. ચૂંટણી કામગીરી માટે નિયુકત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ તમામ અધિકારીઓને જાહેરાતોના પ્રસારણ પર દેખરેખ રાખવા માટે અધિકૃત કરવામાં આવે છે. તથા કેબલ ટેલીવિઝન વિનિયમન અધિનિયમ-૧૯૯૫ તે હેઠળના નિયમો હેઠળ તપાસણી અને સીઝર સહિતની કામગીરી કરવા સતા આપવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને કેબલ ટેલીવિઝન વિનિમય અધિનિયમ-૧૯૯૫ની જોગવાઈ મુજબ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૦૭મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. જે/એમએજી-૨/સ્થા.સ્વ.ચું-૨૬/૧૨/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં થાય અને કોઈ વિક્ષેપો ઉભા ન થાય તે માટે જાહેર સુલેહ શાંતિનો ભંગ અટકાવવા જરૂરી જણાતું હોઈ, સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃરાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુબ પગલાં લેવા માટે પુરતા કારણો હોય અને અત્રેની રચાયેલ જિલ્લા સ્ક્રિનીંગ કમિટીની તા. ૦૬-૦૪-૨૦૨૬ ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો.

તેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મળેલ સતાની રૂએ આથી ફરમાવુ છું કે,

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ અપ્રિલ-૨૦૨૬માં સમાવિષ્ટ ચૂંટણી હેઠળના વિસ્તારમાં સમગ્ર મોરબી જિલ્લાના તમામ આત્મરક્ષણના/પાકરક્ષણના પરવાનેદારો (અપવાદ સિવાયના)એ તેમના પરવાના વાળા હથિયાર સાથે કોઈ સરઘસ કાઢવા કે સભા યોજવા કે તેમાં ભાગ લેવા કે હથિયાર સાથે જાહેર સ્થળે ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ :

૧. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. તમામ એકઝીક્યુટીવ/જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલવે, સંરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓ.

૩. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત)ના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તેમને તેમના પરવાના વાળા હથિયારો હેરફેર કરવા પર પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

૪. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

૫. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમને આ પ્રતિબંધોમાંથી મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે. જેની સર્વેએ નોંધ લેવી.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમ સમગ્ર મોરબી જિલ્લામાં લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૭, માહે : એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાલ પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.૨૬/૧૧/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન ગ્રામ પંચાયતોની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીઓ નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે માટે આદર્શ આચરસંહિતાની અમલવારી કરવા સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી વિસ્તૃત સુચનાઓ થઈ આવેલ છે. જે પૈકી સરકારી, અર્ધસરકારી પંચાયતના વિશ્રામગૃહ, ડાકબંગલા અને સરકારી રહેણાંકના ઉપોયગ પર નિયંત્રણો મુકવામાં આવેલ છે.

જેથી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીગનર તરફથી આપવામાં આવેલ આચારસંહિતા બાબતની ઉક્ત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મજુબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી નીચે મુજબ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

: કૃત્યો :

૧. મોરબી જિલ્લામા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારોમાં આવેલ સરકારી, અર્ધસરકારી આરામગૃહો, ડાકબંગલાઓ, વિશ્રામગૃહો તથા સરકારી રહેણાંકનો તેની સાથે જોડાયેલ આંગણ, કમ્પાઉન્ડ સહિત કોઈ રાજકીય પક્ષના હોદેદારો, ચૂંટણી લડતા ઉમેદવારો તેમના ચૂંટણી એજન્ટોએ રાજકીય હેતુસર કે ચૂંટણી વિષયક કે ચૂંટણી પ્રચાર-પ્રસારના હેતુસર ઉપયોગ કરવા પર.

૨. વિશ્રામગૃહ, અતિથિગૃહ, ડાકબંગલાના સ્થળે રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજવા પર.

૩. આવા આવાસના કમ્પાઉન્ડમાં રાજકીય ચૂંટણી હેતુ માટે ઉપયોગમાં લેવાના વાહનો પાર્કીંગ કરવા પર.

૪. ચૂંટણી પ્રચાર હેતુ માટે આવતા કોઈપણ મહાનુભાવોને મતદાન પુરૂં થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથિગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવા પર પરંતુ જે રાજકીય પદાધિકારીઓને Z કક્ષાની કે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલ હોય તેમને વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે સિવાય કે આવો રૂમ ચૂંટણી ફરજ પર નિમાયેલ અધિકારી/નિરિક્ષકને અગાઉથી ફાળવવામાં આવેલ ન હોય પરંતુ આવી Z સ્કેલની સીકયુરીટી ધરાવતા વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહે તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરવા પર.

આ હુકમને ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(આર)(૩) અન્વયે બહાર પાડેલ હુકમ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૧૦/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણ ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે. અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી રાજ્ય ચુંટણી આયોગના તા. ૧૭-૧૧-૨૦૨૧ના આદેશ પ્રમાણે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું ઈષ્ટ જણાય છે.

જેથી હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ તળે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

કૃત્યો :

૧. કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૦૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ થઈ શકશે.

૨. ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા કોઈપણ પ્રકારના વાહન પર સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહીં અને પરવાનગી મેળવેલ વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત તાલુકાના એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી તથા મોટર વ્હીકલ એકટ હેઠળ સક્ષમ અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. કોઈપણ પ્રકારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલા લેખીતમાં જાણ કરવાની રહેશે.

૪. લેખીત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધનો કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

૫. કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

આ જાહેરનામું ભારતીય ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમને ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૪ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ હુકમ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૦૯/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પુરું થવાના સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળામાં ચૂંટણી પ્રચાર બંધ કરવાની જોગવાઈ છે. જે મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૪-૦૪-૨૦૨૬ ના રોજ સાંજના ૦૬-૦૦ વાગ્યાથી ચૂંટણી પ્રચાર બંધ કરવાનો રહે છે તેમજ આ અંગે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા પ્રવર્તમાન સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે જે ધ્યાને લેતા, ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થાય તે પછી સબંધિત મતદાર વિભાગના મતદાર ન હોય તેવા રાજકીય પદાધિકારીઓએ મત વિસ્તાર છોડી દેવાનો રહે છે.

જિલ્લામાં ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજી શકાય, લોકો કોઈપણ પ્રકારના ભય કે શેહશરમ વગર મતદાન કરી શકે અને રાજ્ય ચૂંટણી આયોગ તરફથી આપવામાં આવેલ ઉકત સુચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે માટે નીચે મુજબનો હુકમ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** મોરબીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ વાગ્યાથી નીચે મુજબ અમલવારી કરવા ફરમારવું છું.

કૃત્યો :

ચૂંટણી પ્રચારના સમયગાળા દરમિયાન મોરબીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬માં મોરબી જીલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓ મતદાર વિભાગની બહારથી આવેલ હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી એટલે કે, તા.૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ વાગ્યા પછીથી તાત્કાલીક ધોરણે મોરબી જીલ્લામાં સમાવિષ્ટ ચૂંટણી હેઠળનો વિસ્તાર છોડી જતા રહેવું.

- આ જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા ચૂંટણી હેઠળના વિસ્તારમાં પોલીસ તંત્ર તથા જીલ્લા વહીવટી તંત્રએ યોગ્ય તકેદારી રાખવી.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૮/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદાન પૂર્ણ થવા માટે નિયત કરેલ સમય સાથે પુરા થતાં ૪૮ કલાકની મુદત દરમિયાન જાહેર સભાઓ અને ચૂંટણી પ્રચાર પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી સાંજના ૦૬-૦૦ કલાક સુધી થનાર છે. તેથી મતદાન પૂરું થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ કલાક થી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાતો હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** મોરબીમાં સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદાન પુરું થવાના સમય પહેલાના ૪૮ કલાક એટલે કે, તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ કલાક થી નીચે મુજબ અમલવારી કરવા આદેશ ફરમાવું છું.

: કૃત્યો :

(૧) કોઈપણ વ્યકિત

(એ) ચૂંટણી સબંધમાં કોઈ જાહેર સભા બોલાવશે નહીં યોજશે નહીં, સંબોધન કરશે નહીં કે સરઘસ કાઢશે નહીં કે તેવી સભામાં હાજરી આપશે નહીં.

(બી) સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન, એલ.ઈ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદિર્શિત કરશે નહીં.

(સી) મતદાન વિસ્તારમાં જાહેર જનતાને આકર્ષવાની દ્રષ્ટિએ જાહેરમાં કોઈ સંગીતનો જલસો, થીએટરનો કાર્યક્રમ, કોઈ મનોરંજન કાર્યક્રમ કે સમુહભોજન યોજીને કે યોજવા માટેની વ્યવસ્થા કરી આપીને ચૂંટણી પ્રચાર કરશે નહીં કે ચૂંટણીના પરીણામ પર અસર કરે તેવા ઈરાદાવાળી કોઈ પ્રવૃતિ કરશે નહીં.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૨૪-૦૪-૨૦૨૬ થી તા. ૨૬-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

: શિક્ષા :

આ હુકમને ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૭/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

મતદાન કરવા જતા મતદારોને કોઈ ડર ન રહે તેમજ મતદાન કરવા કે ન કરવા બાબતે કોઈ દબાણ ન થાય, ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી સંબંધી પ્રતિકો દર્શાવી મતદારોનું ધ્યાન ખેચવામાં ન આવે તે જોવુ જરૂરી છે. મતદાન માટે નકકી થયેલ મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં મતદાનના દિવસે ઉમેદવારો કે તેમના કાર્યકરો/ટેકેદારો દ્વારા પ્રચાર ઝુંબેશ કરવામાં આવે તેવી પુરેપુરી સંભાવના છે આથી, ચૂંટણી લડતા ઉમેદવાર કે ઉમેદવારોના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતુ નિવારવા માટે અને મતદાન મથકોની આસપાસના વિસ્તારમાં જાહેર શાંતિ અને સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કેટલાક કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાયેલ છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લા ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ આ હુકમથી નીચે જણાવ્યા મુજબના કૃત્યોની અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

કૃત્યો :

૧. મતદાનના દિવસે નકકી થયેલ મતદાન મથકના ૨૦૦ મીટર વિસ્તારમાં ચૂંટણી સંબંધી બુથ ઉભા કરી શકાશે નહી. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના/ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદારોને ઉમેદવારોના નામ, પ્રતિક કે પક્ષના નામ વગરની મતદાર કાપલીના વિતરણ માટે એક ટેબલ અને બે ખુરશી રાખી શકાશે.

૨. છાંયડા માટે છત્રી કે તાડપત્રી કે કંતાનથી વ્યવસ્થા કરી શકશે, જેને ચારેબાજુથી બંધ કરી શકાશે નહી.

૩. મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહી. ચૂંટણીએ સંબંધી પત્રિકાઓનું વિતરણ થઈ શકશે નહી તેમજ ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહી. મતદાન કરવા જતાં મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કોઈ કૃત્ય કરી શકાશે નહી.

૪. મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરૂધ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકશે નહી, કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહી.

૫. મતદાનના દિવસે મતદાન મથક તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

૬. મતદાનના દિવસે ઉમેદવાર/રાજકીય પક્ષના મંજુરીવાળા ચૂંટણી સંબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગથી ૧૦૦ મીટરની અંદરના વિસ્તારમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

અપવાદ :

આ હુકમના ખંડ-૫ માંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

૧. ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ તથા

૨. ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો

આ હુકમ સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં લાગુ પડશે. તેમજ આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૬/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં મતદારો નિર્ભયપુર્વક અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાનની કાર્યવાહી દરમ્યાન અસામાજીક કે તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહીં તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી** આ હુકમથી ફરમાવું છું કે, ''સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લા ચૂંટણી હેઠળના વિસ્તારમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ ચૂંટણી માટે મતદાન મથકો તેમજ તેની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી કે મતદાન મથકમાં પ્રવેશી શકશે નહી કે વાહનો લઈ જઈ શકશે નહીં કે લાવશે નહીં''.

અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

૧. ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવેલ છે તે તમામ અધિકારીઓ/કર્મચારીઓ

૨. મતદાન કરવા આવનાર મતદારો

૩. ચૂંટણીમાં ઉભેલ ઉમેદવાર

૪. ચૂંટણીના હરીફ ઉમેદવારના ચૂંટણી એજન્ટ કે તેના અધિકૃત મતદાન એજન્ટ

૫. લગ્નના વરઘોડાને/સ્મશાન યાત્રાને અને મતદાન મથક નજીક ધંધો કે રહેણાંક ધરાવતા પ્રજાજનોને તેમના મકાન/ધંધાના સ્થળે આવવા-જવા

૬. ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/પેરામીલટ્રી ફોર્સના અધિકારી તથા જવાનો.

આ હુકમ સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં લાગુ પડશે. તેમજ આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૫/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો રજુ કરવા સમયે રાજકીય પક્ષોના ઉમેદવારો મોટી સંખ્યામાં કાર્યકરો, ટેકેદારો અને સમર્થકો સાથે ઢોલ નગારા અને વાહનોની મોટી સંખ્યા લઈ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી પત્ર રજુ કરવા આવે છે. જેના કારણે ચૂંટણીના સરળ સંચાલન માટે રાજ્ય ચૂંટણી આયોગની પ્રવર્તમાન સુચનાઓની અમલવારી સુનિશ્ચિત કરવા નીચે મુજબ હુકમ કરવો ઈષ્ટ જણાતું હોય, જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

૧. ઉમેદવારી પત્રો રજુ કરવા માટે ચૂંટણી અધિકારી/નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં ઉમેદવાર અથવા તેના દરખાસ્ત કરનાર અને અન્ય ચાર મળી પાંચ વ્યકિતઓ જ પ્રવેશી શકશે. માન્યતા પ્રાપ્ત સિવાયના પક્ષ તેમજ અપક્ષ ઉમેદવારોના દરખાસ્ત કરનારાની સંખ્યા દસ હોય તેઓના કિસ્સામાં પણ પ્રથમ તબકકે ઉમેદવાર અને અન્ય ચાર તેમજ જરૂર જણાય તો પ્રથમ ઉમેદવાર સાથે ગયેલા ચાર દરખાસ્ત કરનારા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી બહાર નીકળી જાય ત્યારબાદ બાકીના ચાર અને ત્યારબાદ અન્ય બે દરખાસ્ત કરનારાઓ ચૂંટણી અધિકારની કચેરીમાં પ્રવેશી શકશે. એટલે કે કોઈપણ સુચિત ઉમેદવારે તેમના ટેકેદારો, દરખાસ્ત કરનારાઓ કે સમર્થકો સાથે ચાર થી વધુ સંખ્યામાં ચૂંટણી અધિકારી/ નિર્દિષ્ટ મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીમાં પ્રવેશ કરવો નહીં.

૨. ઉમેદવારી પત્ર રજુ કરવા આવતા સમયે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વધુમાં વધુ ત્રણ વાહનો સાથે પ્રવેશી શકાશે. ત્રણથી વધુ વાહનો સાથે કચેરીના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશવું નહીં.

૩. ઉપર મુજબની સુચનાઓનો અમલ ઉમેદવાર જયારે તેઓનું ઉમેદવારી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે પણ કરવાનો રહેશે તથા ઉપર્યુકત કામે ઉપયોગમાં લેવાયેલ વાહનોનો ખર્ચ ઉમેદવારના ખર્ચમાં ઉધારવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત કે રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યકિત દ્વારા ઉકત નિયમોનું ભંગ કરવામાં આવશે તો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે, તા. ૩૦-૦૬-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૪મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૪/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીઓના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ, ઉમેદવારો તરફથી ઓળખ તેમજ અન્ય બાબતોએ વિવિધ છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારીત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલા લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશનને સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ લાગુ પડે છે.

ઉપરોકત જોગવાઈની ચુસ્ત અમલવારી કરવા સારૂ જરૂરી હુકમ કરવા માટેના યોગ્ય કારણો જણાતા હોય હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

૧. કોઈપણ વ્યકિત કે સંસ્થા જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય અને છાપેલ પ્રતની સંખ્યા દર્શાવેલ ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો, પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા/લગાવાવ કે પ્રસિધ્ધ કરી શકશે નહીં અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં તેમજ હોર્ડીંગ્સની સાઈઝ ૧૫ ફુટ×૮ફુટ થી વધારે હોવી જોઈએ નહી અને કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધવી જોઈએ નહી.

૨. કોઈપણ વ્યકિત કે સંસ્થા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો પોસ્ટર્સ, કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ છાપવા/લગાવાવ ભીંતપત્રો છાપી શકશે નહીં કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહીં. સિવાય કે,

(એ) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(બી) લખાણ છપાયા પછી મુદ્રકે ત્રણ દિવસમાં લખાણની એક નકલ સાથે એકરારપત્રની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીને તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીની કચેરીને મોકલી હોય. આ જોગવાઈ પુરતું

(સી) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને મુદ્રક એ શબ્દના તે પ્રમાણે અર્થ થશે.

૩. છાપેલા ચૂંટણી અંગેના કોઈ ચોપાનીયા કે ભીંતપત્રો કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના પુરા નામ, સરનામા અને ફોન, મોબાઈલ નંબર દર્શાવવાના રહેશે.

૪. મુદ્રકે પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર જોડણ-ક અને જોડાણ-ખ ના નિયત નમુનામાં છાપકામ કર્યાના ત્રણ દિવસની અંદર જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી તથા સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા.૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૪, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૩/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી પોતપોતાના મત વિસ્તારમાં ચૂંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યકિત, કાર્યકર, ટેકેદાર દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેવા સંભવ હોય ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતી ભંગ થવા સંભવ હોય ચૂંટણીના સરળ સંચાલનના હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો ઈષ્ટ જણાય છે.

જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ચૂંટણીનો ઉમેદવાર, વ્યકિત અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના ચૂંટણીના કામે વાહનો મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર્ડ કરાવવાના રહેશે અને રજીસ્ટર્ડ કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે તથા વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. ચૂંટણી અધિકારી પાસે કે તેઓએ અધિકૃત કરેલ અધિકારી પાસે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતા વાહનોને લાગુ પડશે. આ વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટોરીક્ષા, સ્કુટર વિગેરેનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૪, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૨/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તથા તેમના ટેકેદારો તરફથી ચૂંટણી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવશે. પ્રચાર ઝુંબેશ અનુસંધાને ઉમેદવારો તેમના કાર્યકરો દ્વારા જાહેર તથા ખાનગી મિલ્કત માલિકોની લેખિત પૂર્વ પરવાનગી લીધા વગર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનીઓ કે આકૃતિઓ, પક્ષના પ્રતિકો કે ઉમેદવારોને ફાળવેલા પ્રતિકો ચીતરીને વગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી માલીકીના મકાનોની દિવાલો, રોડ-રસ્તા બગાડે નહી તે માટે સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા ચૂંટણી લડતા ઉમેદવારો તથા તેમના કાર્યકરોએ મકાનો, તાર કે વિજળીના થાંભલાઓ, વાહનો ઉપર ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીશ ચોંટાડવા, સૂત્રો કે ઉમેદવારોને ફાળવેલ નિશાનોના પ્રતિકો લખવા વગેરે માટે માલિકની લેખિત અને પૂર્વ પરવાનગી વિના કોઈપણ વ્યકિતની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ, જાહેર રોડ, રસ્તા વગેરેનો ઉપયોગ કરવા દેશે નહીં તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલ આચાર સંહિતાનો અમલ કરાવવા અને લોકોની તેમજ જાહેર માલ-મિલ્કતને થતી હાની, વિકૃતિ, બગાડ અટકાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** આ હુકમથી કોઈપણ વ્યકિત, સંસ્થા, ચૂંટણીના ઉમેદવારો અને તેઓના કાર્યકરોને અથવા તેમના દ્વારા નિયુકત કરેલ વ્યકિત, સંસ્થા કે પેઢી વિગેરેને ફરમાવું છું કે, સબંધિત જાહેર મિલ્કત અને ખાનગી માલીકોની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના જાહેર અથવા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સૂત્રો લખીને, નિશાનો ચીતરીને દિવાલો બગાડવી નહીં. તેમજ કોઈ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટિસો ચોંટાડવા, સૂત્રો લખવા અથવા અન્ય કોઈપણ રીતે જાહેર અથવા ખાનગી મિલ્કત બગડે તેવી રીતે ચૂંટણી પ્રચાર કરવા વગેરે માટે માલીકની લેખિત અને પૂર્વ પરવાનગી લીધા વિના કોઈપણ વ્યકિતની જમીન/મકાન, કમ્પાઉન્ડ, દિવાલ, વાહનો, રોડ-રસ્તા વગેરેનો ઉપયોગ કરવો નહીં કે બગાડવા નહીં.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગમાં મિલ્કત જેવી કે ધોરી માર્ગ, શેરી ગલી, ચાર રસ્તા, ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવતા સાઈનબોર્ડ, ધોરી માર્ગ ઉપરના માઈલસ્ટોન, રેલ્વે ફાટક ઉપર ચેતવણી રૂપ નોટિસ, રેલ્વે પ્લેટફોર્મ, ઈલેકટ્રીકલ/ટેલીફોનીક પોલ, બસ, વાહન, ટર્મીનલના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શિત કરેલ કોઈ અન્ય નોટિસ સાઈન બોર્ડનો સમાવેશ થાય છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૪, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૬/૧/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અપ્રિલ-૨૦૨૬ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં યોજાય તથા વિક્ષેપો ઉભા થાય નહી અને ચૂંટણીના સરળ સંચાલન માટે જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવો અત્યંત જરૂરી જણાતો હોય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ નીચે મુજબના પગલાં લેવા પુરતા કારણો છે.

જેથી હું, **કે. બી. ઝવેરી IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તાર પુરતો આ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી સબંધિત વિસ્તારના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવુ નહી તેમજ સભા-સરઘસનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચના હિસાબમાં ઉમેરવાનો રહેશે.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેના અપવાદને લાગુ પડશે નહી.

અપવાદ :

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેમજ મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૪, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

કે. બી. ઝવેરી
જિલ્લા મેજીસ્ટ્રેટ
મોરબી જિલ્લા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/ગુજકેટ/જા.નામુ/૨૨૬૨૨૮૨/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મોરબીના તા. ૧૭-૦૩-૨૦૨૬ ના પત્રની વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૬ ની પરીક્ષા મોરબી જિલ્લામાં આગામી તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રવિવારના રોજ સમય સવારના ૧૦-૦૦ કલાકથી ૧૭-૦૦ કલાક દરમ્યાન મોરબી શહેરમાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં કોલમ-૪ માં દર્શાવ્યા મુજબના પરીક્ષા સમય મુજબ પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મી. આજુબાજુના વિસ્તારમાં ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય ન થાય તે માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. ઉક્ત પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય અને પરીક્ષા કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તે માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા,** આથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૬ની પરીક્ષા માટે મોરબી શહેરમાં જાહેર કરવામાં આવેલ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં કોલમ-૪માં દર્શાવ્યા મુજબના પરિક્ષા સમય મુજબ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટર (સો મીટર) ના વિસ્તારમાં તા. ૨૯-૦૩-૨૦૨૬ (રવિવાર)ના રોજ સમય ૧૦-૦૦ કલાક થી ૧૭-૦૦ દરમ્યાન પરીક્ષામાં ગેરરીતિ કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં તેમજ પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્કયુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીકસ ઉપકરણો લઈ જવા નહી તેમજ નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવું નહીં તેવો હુકમ ફરમાવું છું.

પરીક્ષા કેન્દ્રોની યાદી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું	પરિક્ષા સમય
૧	શ્રી એસ. વી. પટેલ કન્યા વિદ્યાલય	નવા બસ સ્ટેશન પાસે, શનાળા રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૨	ધી વી. સી. ટેકનીકલ હાઈસ્કૂલ	મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૩	શ્રી ડી. જે. પટેલ કન્યા વિદ્યાલય	નવા બસ સ્ટેશન પાસે, શનાળા રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૪	નવયુગ વિદ્યાલય	કન્યા છાત્રાલય પાછળ, નવા બસ સ્ટેન્ડ પાસે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૫	નિર્મલ વિદ્યાલય	કેનાલ પાસે, રવાપર રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૬	નિલકંઠ વિદ્યાલય	રવાપર રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૭	દોશી એમ. એસ. & ડાભી એન. આર. હાઈસ્કુલ	પંચાસર રોડ બાયપાસ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું	પરિક્ષા સમય
૮	શ્રીમતિ એમ. પી. શેઠ ગર્લ્સ હાઈસ્કુલ	વી. સી. ફાટક પાસે, વી. સી. પરા, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૯	સાર્થક વિદ્યાલય	કેસર બાગ પાસે, સામા કાંઠે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૧૦	સેન્ટ મેરી સેકે. & હાઈ.સેકે. સ્કુલ	નવલખી ફાટક પાસે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૧૧	ઉમા વિદ્યાલય	ઉમા ટાઉનશીપ પાસે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી
૧૨	જ્ઞાનપથ વિદ્યાલય	મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૭-૦૦ કલાક સુધી

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા વિદ્યાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.).

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાનયાત્રાને.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર તથા સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ, તા. ૨૫, માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

મોરબી, ૨૫ માહે માર્ચ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/ક.૩૭(૩)જા.નામું./૩૧૧૪૯૦/૨૦૨૬.-આગામી માહે એપ્રિલ-૨૦૨૬ના માસમાં મોરબી જિલ્લામાં હાલમાં જુદા જુદા સંવર્ગના સરકારી કર્મચારીઓની વિવિધ માંગો અને સામાજિક સંગઠનો તેમજ રાજકીય પક્ષોની સરકારશ્રી વિરૂધ્ધ જુદા જુદા પ્રશ્નોની રજુઆત અન્વયે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા, સરઘસ, આંદોલન, રેલીના પ્રતિબંધ માટે જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ પેટા કલમ-૩ નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) થી મળેલ અધિકારની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** આથી આદેશ કરૂં છું કે, મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી સક્ષમ અધિકારીની મંજુરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રિત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે સરઘસ કાઢવું નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતને, સંસ્થાને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

(૬) સરકારશ્રીના વિવિધ વિભાગો, બોર્ડ-નિગમ દ્વારા આયોજીત કાર્યક્રમો.

હું એવો આદેશ કરૂ છુ કે આ હુકમ મોરબી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩૧મી, માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી હુકમ કર્યો.

મોરબી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નં. જે/એમએજી/જા.નામુ/૩૧૧૫૬૫/૨૦૨૬.-પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી. શાખા, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મોરબીના તા. ૨૧-૦૩-૨૦૨૬ ની દરખાસ્તથી જણાવેલ છે કે, મોરબી જીલ્લામાં ઉદ્યોગોના કારણે રોજગારીની વિશાળ તકો હોય જેથી મોટાભાગના શ્રમીકો/કારીગરો રોજીરોટી અર્થે આવતા હોય છે. રાજ્યથી/જિલ્લા બહારથી હજારોની સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામામાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમા, હીરા ઉદ્યોગોમાં, ફેકટરીઓમા અને ખેતીના તેમજ વેપાર-ધંધામા શ્રમીકો તરીકે લોકોને કામે રાખે છે તેમાં અમુક ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહીત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના રહેલી છે. તેમજ ઘણા કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી મોરબી જિલ્લામાં આશરો લેતા હોય છે. અને આવા શ્રમીકોના ટુકા નામ સિવાય માલકી પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી તેવી હકીકત પણ જણાવેલ છે. જેના કારણે આવા ગુન્હેગાર લોકોને પકડવાનું અને ગુન્હો શોધવાનું મુશ્કેલ બને છે. તેમજ આવા ગુના અટકાવવા (પ્રિવેન્શન) અને ગુન્હાશોધન પ્રક્રિયા માટે (ડિટેકશન) જરૂરી વિગતો ઉપલબ્ધ બને તે ઉપરાંત બહારથી આવતા શ્રમીકો સાથે કોઈ અઘટિત બનાવ બને તેવા સંજોગોમાં તેઓને જરૂરી પ્રશાસનિક મદદ મળી રહે તે હેતુથી શ્રમીકોનું નામ, સરનામા સહિતની જરૂરી વિગતો રખાય તે સુનિશ્ચિત કરવુ ખુબ જ જરૂરી જણાય છે.

જેથી હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને રાખી, રોજગારી આપતી વખતે રોજગાર આપનાર સંસ્થા કે એકમ કામદારોના નામ, સરનામું, મોબાઈલ નંબર, પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ નક્કી થઈ શકે તેવા તમામ આધાર પુરાવા (ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ, રેશન કાર્ડ વિ.) ફરજીયાત મેળવીને લગત પોલીસ સ્ટેશન પાસે વેરીફીકેશન કરાવવા તથા મોરબી જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું નીચેની વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી** ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૪-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭-૧૧-૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી તથા અન્ય ફેકટરી ઉદ્યોગો, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, શ્રમિકો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટના કર્મચારીઓ/કારીગરો/શ્રમીકોની હકીકત તૈયાર કરી ''પત્રક-એ'' ના કોલમની વિગતો પ્રમાણેની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૦૭માં આપવાની રહેશે. સદરહું લીંકમાં નોંધણી થયેલ શ્રમીકો/કારીગરોની માહિતીનું નોંધણી નંબર સહિતનું રજીસ્ટ્રેશન નિભાવવાનું રહેશે. અને જ્યારે પણ પોલીસ વિભાગ દ્વારા શ્રમીકો બાબતેની માહિતી ચકાસણી કરવા સારૂ માંગવામાં આવે ત્યારે માહિતી પુરી પાડવાની રહેશે.

પત્રક–એ

અ. નં.	કારખાના/પેઢીના માલિકનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલિકના મોબાઈલ નંબર તથા ધંધાના સ્થળના ટેલીફોન નં.	કામે રાખેલ કર્મચારી/ કારીગર/ શ્રમિકનું પુરૂં નામ, ઓળખ ચિન્હ, હાલનું સરનામું તથા મોબાઈલ નં.	કર્મચારી/ કારીગર/ શ્રમિકના મૂળ વતનનું પુરૂં સરનામું તથા વતનના ટેલીફોન નં.	કર્મચારી/ કારીગર/ શ્રમિકને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/શ્રમિક અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું, ટેલીફોન નં. / મોબાઈલ નં.	કર્મચારી/કારીગર/ શ્રમિક કોના રેફરન્સ/ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું ટેલીફોન નં./ મોબાઈલ નં.	કર્મચારી/કારીગર/ શ્રમિકના બે થી ત્રણ સગા સબંધિતોના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહિતના) તથા ટેલીફોન નં./મોબાઈલ નં.	કર્મચારી/ કારીગર/ શ્રમિકનો ફોટો	હથીયાર ધરાવતા હોય તો તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

(૨) સ્થાનિક/જિલ્લા બહારના/રાજ્ય બહારના/દેશ બહારના કોઈ પણ વ્યકિતને મિલ્કત જેવી કે, મકાન, દુકાન, ગોડાઉન, ઔદ્યોગિક એકમ, ઓફીસ, કોલ્ડ સ્ટોરેજો, શેડો ખુલ્લા પ્લોટ વગેરે રહેઠાણ/વ્યાપાર/કોમર્શીયલ હેતુ માટે ભાડા પટે આપવામાં આવે ત્યારે મિલ્કત ભાડે અપાવનાર/અપાવનાર સંચાલક/દલાલ અને મિલ્કત માલિક સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને ભાડે આપી શકશે નહી, ભાડે આપેલ મિલ્કત અંગે માહિતી સંબંધી પોલીસ સ્ટેશનમાં ''પત્રક-બી'' મુજબ દિન-૦૭ માં આપવાની રહેશે.

પત્રક–બી

અ.નં.	મિલ્કત માલીકનું નામ/ મોબાઇલ નંબર રહેઠાણનું સરનામું	જે મિલ્કત ભાડે આપેલ હોય તે મિલ્કતનું નામ તથા સરનામું, બાંધકામ/ જગ્યાની વિગત (ચો.મી.)	મિલ્કત ભાડે આપ્યાની તારીખ તથા માસિક ભાડું	મિલ્કત ભાડે રાખનાર વ્યકિતના નામ, સરનામા, ફોન નં., ફોટા, ઓળખકાર્ડ, ચૂંટણીકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાસપોર્ટ વિ.	મિલ્કત ભાડે રાખનાર મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	મિલ્કત માલિક અને ભાડુઆત તરીકે સંપર્ક કરાવનાર એજન્ટ/ દલાલનું નામ સરનામું/ ફોન નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

(૩) ખેત શ્રમીક/ભાગીયા તથા ઘરઘાટી અંગેની માહિતી સંબંધીત પોલીસ સ્ટેશનમાં ''પત્રક-સી'' તથા ''પત્રક-ડી'' મુજબ દિન-૦૭ માં આપવાની રહેશે.

પત્રક–સી

અ.નં.	ઘરઘાટી કે ચોકીદાર તરીકે કામ કરનાર શ્રમીકો/ચોકીદારનું નામ તથા ફોન નંબર, રહેણાંકનું સરનામું	જેને કામે રાખનાર માલકીનું નામ તથા સરનામું તથા મો. નં.	કામે રાખ્યાની તારીખ	કામે રહેનાર ઘરઘાટી કે ચોકીદારનું ઓળખકાર્ડ/ચુંટણીકાર્ડ/પાસપોર્ટ/ડ્રાઇવીંગ લાઇસન્સનો પુરાવો	કામે રહેનાર ઘરઘાટી કે ચોકાદારનું મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	ઘરઘાટી કે ચોકાદારની ઓળખાણ આપતા હોય તેવા બે વ્યકિતઓના નામ સરનામું/ફોન નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

પત્રક–ડી

ક્રમ	ખેત શ્રમીક, ભાગીયા તરીકે કામ કરનારનું નામ, ફોન નંબર તથા રહેઠાણનું સરનામું	ખેડુતનું નામ તથા સરનામું તથા મો.નં.	કામે રાખ્યાની તારીખ	કામે રહેનાર ખેત શ્રમીક, ફોન નંબર, ભાગીયાનું ઓળખકાર્ડ/ચુંટણીકાર્ડ/ ડ્રાઇવીંગ લાઇસન્સનો પુરાવો	કામે રહેનાર ખેત શ્રમીક, ભાગીયાનું મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	ખેત શ્રમીક, ભાગીયાની ઓળખાણ આપતા હોય તેવા બે વ્યકિતઓના નામ સરનામું/ફોન નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

- મોરબી જિલ્લા વિસ્તારની સલામતી અને શાંતી જાળવવા સારૂ શ્રમીકો/કારીગોરની માહિતી સાચી અને સરળતાથી મળી રહે તે સારૂ કારખાના/ઔદ્યોગીક શ્રમીકો માટે http://apps.apple.com/us/app/morbi-assured/id1557232449 વાળી લીંક ઓપન કરી સદરહું લીંક એન્ડ્રોઈડ ફોન http://ply.google.com./store/apps/details?id=com.morbieye પરથી ઈન્સ્ટોલ કરવાની રહેશે. કારખાનેદાર/ ફેકટરીના માલિકોએ કામ કરતા જે તે માલિકોએ શ્રમીકોનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે તેમજ ''પત્રક-એ'' મુજબ તમામ માહિતી સબમીટ કરવાની રહેશે.
- કારખાના/ઔદ્યોગીક શ્રમીકો સિવાયના માટે ભાડુઆત ''પત્રક-બી'', ઘરઘાટી માટે ''પત્રક-સી'' તથા ખેત શ્રમીકો/ભાગીયા માટે ''પત્રક-ડી'' ની વિગતના કોલમ પ્રમાણે રજીસ્ટર/બાયોડેટાની સી.ડી. તૈયાર રાખવા માટે તથા તે મુજબની માહીતી સીટીઝન પોર્ટલમાં (સીટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ) રજીસ્ટ્રેશન કરાવવી તથા તેની એક હાર્ડ કોપી નજીકના પોલીસ સ્ટેશનમાં દિન-૦૭ જમા કરાવવાની રહેશે.

મુકિત :

મોરબી જિલ્લામાં આવેલ સરકારી કચેરી/અર્ધ સરકારી કચેરી/બોર્ડ/નીગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના અધિકારી/ કર્મચારીઓને આ જાહેરનામાંમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

મુદત :

આ હુકમ તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૧-૦૫-૨૦૨૬ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

આ હુકમની તમામને વ્યક્તિગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, મોરબીના નોટિસ બોર્ડ પર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તા. ૩૦ માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૦, માહે માર્ચ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક.૩૭(૧)જા.નામુ/૩૧૧૫૪૩/૨૦૨૬.-આગામી માહે એપ્રિલ-૨૦૨૬ના માસનાં મોરબી જિલ્લાની હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થા તથા લોકોના જાનમાલની સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સતાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૪-૨૦૨૬ થી તા. ૩૦-૦૪-૨૦૨૬ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની, જેનાથી સુરુચિ અથવા નિતિઓનો ભંગ થાય તેવા ભાષણ કરવાની તથા ભેદભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડ, પત્રિકા અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :

મોરબી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) સક્ષમ સતાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ ધ્વારા લાઉડ સ્પીકર વાહનો ધ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવુ છું.

આજ તા. ૩૧મી, માહે માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી હુકમ બહાર પાડ્યો.

મોરબી, ૩૧ માહે માર્ચ, સને ૨૦૨૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નાં. જે/એમએજી/CGMS-2026/જા.નામુ/વશી-૪૦૧/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મોરબીના તા. ૨૭-૦૩-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : પરીક્ષા/૨૦૨૬/૧૮૪૬ના પત્રથી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS)-૨૦૨૬ તા. ૦૪-૦૪-૨૦૨૬ના રોજ યોજનાર છે. મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાનો સમય સવારના ૧૧-૦૦ થી ૧૩-૩૦ કલાક સુધી મોરબી જિલ્લામાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રમાં કોલમ-૪ માં દર્શાવ્યા મુજબના પરીક્ષા સમય મુજબ પરીક્ષા કેન્દ્રના ૨૦૦ મી. આજુબાજુના વિસ્તારમાં ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય ન થાય તે માટે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. ઉક્ત પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય અને પરીક્ષા કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તે માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ અધિકારની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** આથી મોરબી ખાતે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS)-૨૦૨૬ માટે જાહેર કરવામાં આવેલ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં કોલમ-૪માં દર્શાવ્યા મુજબના પરિક્ષા સમય મુજબ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટર (બસો મીટર) ના વિસ્તારમાં તા. ૦૪-૦૪-૨૦૨૬ ના રોજ પરીક્ષામાં ગેરરીતિ કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં તેમજ પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્કયુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીકસ ઉપકરણો લઈ જવા નહી તેમજ નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવું નહીં તેવો હુકમ ફરમાવું છું.

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરિક્ષા સમય
૧	૨	૩	૪
1	HALVAD	VIVEKANAND VIDYALAYA-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
2	HALVAD	VIDHYADARSHAN SHAIKSHANIK SANKUL-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
3	HALVAD	NAVNIRMAN VIDYALAYA-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
4	HALVAD	SANDIPANI SEC & HIGHER SEC SCHOOL	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
5	HALVAD	SARDAR PATEL VIDHYALAY - HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
6	HALVAD	MAHRSHI VIDHYALAYA-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
7	HALVAD	NALANDA VIDHYALAY-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
8	HALVAD	BHAKTI VIDYALAYA-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
9	HALVAD	MANGLAM VIDHYALAY-HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
10	HALVAD	UMA KANYA VIDHYALAY - HALVAD	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
11	HALVAD	VIVEKANAND VIDHYALAYA-SHUKHPAR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
12	MALIYA	MAHARSHI TAPOVAN VIDHYALAYA JET-PAR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
13	MALIYA	SATYA SAI VIDHYA MANDIR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
14	MORBI	VINAY VIDYA MANDIR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
15	MORBI	YOGI VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
16	MORBI	GITANJALI MADHYAMIK VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
17	MORBI	GYANPATH VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
18	MORBI	SARTHAK VIDHYAMANDIR - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
19	MORBI	OM SANTI VIDHYALAY HIGHER SECOND-ARY SCHOOL - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
20	MORBI	DOSHI M.S. AND DABHI N.R. HIGH SCHOOL - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
21	MORBI	RANDAL MADHYAMIK VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
22	MORBI	UNIQUE SCHOOL - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
23	MORBI	TAKSHILA VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
24	MORBI	SMT. M.P.SHETH GIRLS HIGH SCHOOL - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
25	MORBI	SMT. D. J. PATEL KANYA VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
26	MORBI	ST. MARY'S HIGH SCHOOL - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
27	MORBI	S.V.P. KANYA VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
28	MORBI	KRISHNA SCHOOL - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
29	MORBI	TAPOVAN VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરિક્ષા સમય
30	MORBI	NIRMAL VIDHYALAY - MORBI	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
31	TANKARA	MAHARSHI DAYANAND VIDHYALAY - TANKARA	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
32	TANKARA	ORPAT VIDHYALAY - TANKARA	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
33	TANKARA	ARYA VIDHYALAY - TANKARA	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
34	TANKARA	M. P. DOSHI VIDHYALAY - TANKARA	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
35	WANKANER	GALAXY HIGH SCHOOL - CHANDRAPUR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
36	WANKANER	SHARDA VIDHYALAY - CHANDRAPUR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
37	WANKANER	AMARASINHJI HIGH SCHOOL - WANKANER	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
38	WANKANER	K.K. SHAH MADHYAMIK VIDHYALAY - WANKANER	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
39	WANKANER	THE MODERN HIGH SCHOOL - WANKANER	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
40	WANKANER	GYANGANGA SCHOOL	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
41	WANKANER	THE FAIZ BRIGHT HIGH SCHOOL - LALPAR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
42	WANKANER	MOHAMMADI LOKSHALA - CHANDRAPUR	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
43	WANKANER	M. H. J. S. S. MUNI GIRL'S HIGH SCHOOL - WANKANER	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી
44	WANKANER	SMT. L. K. SANGHVI GIRLS HIGH SCHOOL - WANKANER	સવારના ૧૧-૦૦ કલાક થી ૧૩-૩૦ કલાક સુધી

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.).

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાનયાત્રાને.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ મોરબી જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૦૨મી, માહે એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી બહાર પાડ્યો.

મોરબી, ૦૨ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

એસ. જે. ખાચર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મોરબી જિલ્લા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.08 13:17:19 IST